# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-06-2026** **EVENING: 7.10 TO 7.20 PM**

**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

******************************************************

**1)** અમદાવાદમાં પહેલી વિશ્વ યોગાસન રમતગમત સ્પર્ધાનો પ્રારંભ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સ્પર્ધાને દેશ માટે ગૌરવની ક્ષણ ગણાવી.

**2)** પ્રધાનમંત્રી આવતીકાલે સુરત અને દમણના પ્રવાસે – 20 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

**3)** રાજ્યસભાની ચાર બેઠકની ચુંટણી માટે ભાજપના ચાર ઉમેદવારના નામ જાહેર.

**4)** રાજ્યમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 501 નાગરિકની ધરપકડ – ઑપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ પોલીસની કાર્યવાહી.

**5)** ગુજરાતને પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અંતર્ગત પાંચ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા

**6)** રાજ્યમાં આગામી સાત દિવસ અનેક વિસ્તારમાં વરસાદની આગાહી.

........................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# WORLD YOGASAN PRARAMBH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં પહેલી વિશ્વ યોગાસન રમતગમત સ્પર્ધાના આયોજનને દેશ માટે ગૌરવની ક્ષણ ગણાવી. આ સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતા શ્રી મોદીએ આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ લોકોનું સ્વાગત કર્યું. તેમણે આ સ્પર્ધાથી યોગને રમતગમતના વિશ્વમાં નવી ઓળખ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

**(BYTE – PM MODI)**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં આજે આ પાંચ દિવસની સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો.

**(VC; APARNA KHUNT)**

# PM MODI SURAT DAMAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આવતીકાલના સુરત અને દમણના પ્રવાસને લઈ તંત્ર દ્વારા તડામારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. શ્રી મોદી સુરતમાં અંદાજે 18 હજાર 800 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

## (VC- CHAITALI JOSHI)

(..... પ્રધાનમંત્રી આવતીકાલે બપોરે સુરતના હજીરામાં ચાલી રહેલી ઔદ્યોગિક કામગીરી તથા માળખાકીય સુવિધાની સમીક્ષા કરશે. ત્યારબાદ બપોરે તેઓ 18 હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેરસભાને સંબોધશે. શ્રી મોદી સુરતમાં 200 પથારીની ESIC હૉસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ શ્રી મોદી કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નમો વિમાનમથકના ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનું લોકાર્પણ કરશે. તેમજ નમો હૉસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરશે. સાંજે શ્રી મોદી દમણમાં અંદાજે બે હજાર 970 કરોડ રૂપિયાની આરોગ્ય સંભાળ, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન, માળખાકીય સુવિધા અને જનકલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત તેઓ કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ માટે અંદાજે 885 કરોડ રૂપિયાની ચાર પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કરશે અને જાહેરસભા સંબોધશે. શ્રી મોદી વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના પેકેજ છ અને સાતને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેનાથી ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે હાઈ–સ્પીડ પરિવહન, લૉજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને આર્થિક કનેક્ટિવિટી વધશે.)

# RAJYASABHA GUJ MP

રાજ્યમાં ખાલી થનારી રાજ્યસભાની ચાર બેઠક માટે ભાજપ દ્વારા ચાર ઉમેદવારના નામ જાહેર કરાયા છે. સત્તાવાર યાદી મુજબ, રાજુ શુક્લા, મુકેશ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર કંજારિયા રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર હશે. ઉમેદવારો આગામી આઠ તારીખ સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે. તેમજ 11 તારીખ સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. જ્યારે 18 તારીખે મતદાન અને એ જ દિવસે પરિણામ જાહેર કરાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના રાજ્યસભા સાંસદ રામ મોકરિયા, નરહરિ અમીન, રમિલા બારા અને શક્તિસિંહ ગોહિલની આગામી 21 જૂને મુદત પૂર્ણ થઈ રહી છે. તેના કારણે ચાર બેઠક ખાલી થશે.

# OPERATION DELTA HUNT SANGHAVI

રાજ્યભરમાં પોલીસે ઑપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 501 નાગરિકની ધરપકડ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા કહ્યું, ગેરકાયદે ઘૂસણખોરીનો એક જ જવાબ એ રાજ્ય પોલીસનો સંદેશ સ્પષ્ટ છે.

સત્તાવાર યાદી મુજબ, બાંગ્લાદેશના નંબરો સાથે વાતચીત કરી હોય એવા ભારતીય મોબાઈલ નંબરોનો ડેટાબેઝ તૈયાર કરી છ હજાર 200થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશના નાગરિકોના ડેટાબેઝની મદદથી ગેરકાયદેસર નેટવર્કને તોડવા જમીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આગામી સમયમાં આ ઑપરેશન હેઠળ રાજ્યના તમામ ક્ષેત્ર અને ચારેય વિસ્તારમાં યથાવત્ રહેશે. તેમજ ગેરકાયદે રહેતા દરેક લોકોને શોધીને ડિપોર્ટ એટલે કે, પરત મોકલાશે

# MORBI COLLECTOR CIVIL VISIT

મોરબીના કલેક્ટર સ્વપ્નિલ ખરેએ સિવિલ હૉસ્પિટલની મુલાકાત લઈ વિવિધ વૉર્ડ, અગ્નિ સુરક્ષા, ખંડ અને દવાઓના જથ્થા સહિતની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. સાથે જ તેમણે દર્દીઓ સાથે સંવાદ કરી સારવારની ગુણવત્તા અને સુવિધાઓ અંગે પ્રતિભાવ મેળવ્યો.

(BYTE: SWAPNIL KHARE, COLLECTOR)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BANASKANTHA RANGE

પોલીસની કચ્છ સરહદ રેન્જનું વિભાજન કરીને નવી બનાસકાંઠા રેન્જની રચના કરવામાં આવી છે. જ્યારે તેનું મુખ્યમથક પાલનપુર રહેશે. વિશાળ ભૌગોલિક વિસ્તાર અને આંતર-રાષ્ટ્રીય સરહદને ધ્યાને રાખી રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આ નિર્ણય કરાયો છે. તે મુજબ, બનાસકાંઠા, પાલનપુર, પાટણ અને વાવ-થરાદ જિલ્લાઓને અલગ કરી આ રેન્જ બનાવાઈ છે.

સાથે જ કચ્છની સરહદ રેન્જમાં પશ્ચિમ કચ્છ-ભુજ, પૂર્વ કચ્છ-ગાંધીધામ અને મોરબી જિલ્લાનો સમાવેશ કરાયો છે. કાયદો અને વ્યવસ્થા વધુ અસરકારક રીતે જાળવવા સરકારે આ  મહત્વનું પગલું ભર્યું હોવાનું ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે.

# GUJARAT NATIONAL AWARD

કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત રાજ્યને પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અંતર્ગત પાંચ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. નવિન અને નવિનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા આ યોજના અંતર્ગત નેશનલ પોર્ટલ પર સૌથી વધુ ગ્રાહક અરજીઓ, સૌથી વધુ રૂફટોપ સોલાર સ્થાપનાઓનું કમિશનિંગ, ડિસકોમ દ્વારા સૌથી વધુ નિરીક્ષણ પૂર્ણ, સૌથી વધુ વેન્ડર નોંધણી સહિતની શ્રેણીઓમાં મંથ ઑફ સોલાર – મે 2026 હેઠળ ગુજરાતને આ પુરસ્કાર અપાયો. સાથે જ બી શ્રેણીના રાજ્યોની ચારેય શ્રેણીમાં પણ ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાના બે વર્ષ પૂર્ણ થવા નિમિત્તે નવી દિલ્હીના અટલ અક્ષય ઉર્જાભવન ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સમારોહમાં કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોષીના હસ્તે આ પુરસ્કારો એનાયત કરાયા. ગુજરાત વતી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનાં નિદેશક શાલિની અગ્રવાલે આ પુરસ્કારો સ્વીકાર્યાં.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી સાત દિવસ અનેક વિસ્તારમાં વરસાદની આગાહી છે. દરમિયાન તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા પણ નહીંવત્ છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આગામી સમયમાં ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાવવાની શક્યતા વચ્ચે કેટલાક વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદ થઈ શકે છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

# GPSC EXAM VYAVASTHA

રાજ્યમાં આગામી સાત તારીખે ગુજરાત જાહેર સેવા આયોગ – GPSCની સંયુક્ત પ્રાથમિક પરીક્ષા યોજાશે. તમામ પરીક્ષા કેન્દ્ર પર દિવ્યાંગ ઉમેદવારો માટે વિશેષ સંવેદનશીલ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમના માટે લિફ્ટ, ભોંયતળિયે બેઠક, વ્હીલચેર અને દિવ્યાંગમિત્રો જેવી સુવિધા અપાશે.

ઉલ્લેખનીય છે કે, સવારે 11થી 12 વાગ્યા સુધી યોજાનારી પરીક્ષા માટે 826 દિવ્યાંગ સહિત કુલ 75 હજાર 487 ઉમેદવાર નોંધાયા છે.